VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT – 395 007
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ००૭
(Accredited with B++ Grade by NAAC)
**Tele.GRAM** : VNSGU **Phone** : 2227141 to 2227146 **Fax No** : (0261) 2227312
Email : sgu@sgu.ernet.in website :- www.sgu.ernet.in


# પરિપત્ર

યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિભાગો / યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં સ્વનિર્ભર / સ્વનિર્ભર સિવાયનાં અનુસ્નાતક અભ્યાસક્રમોમાં બોલાવાતા મુલાકાતી શિક્ષકોને માટે પ્રેક્ટીકલ તેમજ ખંડ સમયનાં વ્યાખ્યાતાઓનો સમાવેશ થતો ન હોય તો આ માનદવેતન નકકી કરવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ સમિતિની તા. ૨૦–૨–૨૦૦૭ ની સભાની ભલામણ સિન્ડિકેટે તેની તા.૨૧–૦૬–૨૦૦૭ નાં ઠરાવ નં. ૭૭ અન્વયે નીચે મુજબ મંજૂર કરેલ છે અને તદઅનુસાર અમલમાં આવે છે.

(૧) યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગમાંથી કે તેની સંલગ્ન સંસ્થામાંથી આવતા મુલાકાતી શિક્ષકોને તથા અન્ય મુલાકાતી શિક્ષકોને યુનિવર્સિટી સ્વનિર્ભર કોર્ષ માટે વ્યાખ્યાન દીઠ રૂા. ૨૦૦ /– માનદવેતન તથા T.A. ચૂકવવાનું રાખવું.

(૨) સ્વનિર્ભર સિવાયનાં અનુદાન મેળવતા યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગોમાં જો મુલાકાતી શિક્ષકો (પૂર્ણ સમયના અને ખંડ સમયના) આવતા હોય અને જો તે શિક્ષક યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં સેવા બજાવતા હોય અને જો તેઓનો પોતાની સંસ્થામાં કાર્યભાર યુનિવર્સિટી નિયમોનુસારથી વધુ થતો હોય તો તેવા સંજોગોમાં વધારાનાં કાર્યભાર દીઠ રૂા. ૨૦૦ /– માનદવેતન પ્રતિ વ્યાખ્યાન + T.A. આપવાનું રાખવું. જે તે શિક્ષકના માનદવેતનનાં બીલ એમની કોલેજના આચાર્યશ્રીની પ્રતિ સહીથી મોકલવાનું રાખવું.

(૩) વિશિષ્ટ વ્યાખ્યાન માટે ખાસ આમંત્રિત કરાયેલા મહેમાન વકતાને વ્યાખ્યાન દીઠ રૂા. ૫૦૦ /– માનદ પુરસ્કાર તથા T.A. ચૂકવવાનું રાખવું.

(૪) પ્રાયોગિક (પ્રેકટીકલ) કાર્ય કરનાર શિક્ષકોને પ્રત્યેક પ્રાયોગિક કાર્યદીઠ રૂા. ૩૦૦ /– તથા T.A. ચૂકવવાનું રાખવું.

ક્રમાંક : પીજી / વીટી / ૯૩૧૧ / ૨૦૦૭
તા. ૨૯–૦૮–૨૦૦૭

ઈ.ચા. કુલસચિવ

નકલ સવિનય રવાના :
(૧) યુનિવર્સિટીનાં તમામ અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ,
(૨) અનુસ્નાતક કેન્દ્રોનું સંચાલના કરતી સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓ,
(૩) મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબી વિભાગ, વી.ન.દ.ગુ. યુનિ., સુરત
..... *પ્રતિ ઘટિત કરવા સારું...*